## ૧૦.૭ ચોમાશી ચૌદશની આરાધનાઓ

મનુષ્ય ભવને પ્રાપ્ત કરીને આરાધક આત્માઓ સહુથી પહેલું કામ પાપને તોડવાનું, પાપથી છૂટવાનું અને પાપના નિમિત્તોથી દૂર રહેવાનું અને બીજું કામ, પુણ્યનો સંચય કરવાનું, વારંવાર તક મળે એટલે તરત સત્કાર્ય (સુકૃત) કરવાનું અને સાચી-સારી નવી નવી આરાધના વધારવાનું.

જિનશાસનના કોઈ પણ યોગો કોઈપણ આરાધના કલ્યાણકારી તો હોય જ છે. પરંતુ એક સાથે બધા પાપોનો વિરામ થાય અને બધાં પુણ્યનો સંચય થાય તે માટે મહાપુરુષોએ ચોમાશી ચૌદશની આરાધનાઓ બતાવી છે. વર્ષમાં ત્રણ ચૌમાસી આવે છે- ર્કાિતક ચૌમાસી, ફાગણ ચૌમાસી અને અષાઢ ચૌમાસી. ત્રણ ચૌમાસીમાં પણ આષાઢ ચૌમાસીમાં વ્રતધારી શ્રાવક જેણે બાર વ્રત ગ્રહણ કર્યા હોય તેમાં પાંચમું વ્રત અંગીકાર કર્યું હોય તેણે દરેક ચૌમાસીમાં તેના નિયમોનો સંક્ષેપ કરવો જોઈએ. જેણે તે વ્રત અંગીકાર ન કર્યું હોય તેવા શ્રાવકે પણ દર ચૌમાસીમાં અમુક અભિગ્રહો સ્વીકારવા જોઈએ. તેમાં પણ આષાઢ ચોમાસામાં (વર્ષા ચાતુર્માસીમાં) વિશેષતાથી વિધિપૂર્વક ગ્રહણ કરવા જોઈએ.

વર્ષાઋતુમાં મોટા આરંભ-સમારંભ ન કરવા, ફેક્ટરીઓ ચલાવવી હળથી ખેતર ખેડવાં ગાડાં ચલાવવાં વગેરેનો ત્યાગ કરવો, કારણ કે, આ ચૌમાસીમાં વરસાદને લીધે અનેક વનસ્પતિઓ તથા અનેક પ્રકારના વિકલેન્દ્રિય જીવો તથા દેડકાં વગેરે પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે તેથી ઉપરની ક્રિયાઓથી ઘણી જીવહિંસા થાય છે. આજીવિકા નિમિત્તે એક ફેક્ટરીનો ત્યાગ કદાચ ન કરી શકો પરંતુ તેનાથી અધિકનો ત્યાગ કરી દો તો તેટલાં પાપોથી બચી શકાય છે. આ કાળમાં સર્વ દિશાઓમાં જવાનો નિષેધ કરવો. કહ્યું છે કે, 'વર્ષાઋતુમાં સર્વ જીવોની દયા માટે એક સ્થાનકે રહેવું.'

પ્રથમ બાવીસમા શ્રી નેમિનાથના ઉપદેશથી કૃષ્ણ મહારાજાએ ચૌમાસીમાં દ્વારકાની બહાર નહીં નીકળવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. તેવી જ રીતે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની પાસે ગુર્જરેશ્વર કુમારપાળે પણ આષાઢ ચોમાસામાં નગર બહાર નહીં જવાનો નિયમ લીધો હતો.

એકવાર પાટણ નગરમાં ચોમાસું રહેલાં શ્રી હેમચંદ્રસૂરીશ્વરે કુમારપાળ રાજાની આગળ છઠ્ઠા દિગ્પરિમાણ વ્રતનું વર્ણન કરતાં જણાવ્યું કે વિવેકી પુરુષોએ જીવદયાના પાલન માટે છઠ્ઠું વ્રત ગ્રહણ કરવું

જોઈએ. તેમાં પણ વર્ષાઋતુમાં તો અવશ્ય ગ્રહણ કરવું જોઈએ. ગુરુનાં વચન સાંભળીને કુમારપાળ ભૂપાળે પણ ગુરુ પાસે નિયમ ગ્રહણ કર્યો કે નગરમાં સર્વચૈત્યોને વંદન કરવા સિવાય નગરમાં પણ ચૌમાસાની અંદર હું ફરીશ નહીં.

કુમારપાળે ગ્રહણ કરેલ નિયમની વાત બધે ફેલાઈ ગઈ. તે અભિગ્રહની તથા ગુજરાતની સમૃદ્ધિની વાત ગુપ્તચરના મુખથી સાંભળીને ગઝનીના રાજાએ, ગુજરાત દેશ જીતવાનો સારો લાગ છે, એવું જાણીને ગુજરાત તરફ પ્રયાણ કર્યું. પોતાના ચરના મુખથી આ હકીકતને જાણીને ચિંતાતુર રાજા પ્રધાનને સાથે લઈને ગુરુ પાસે આવ્યો. ગુરુને વંદન કરીને હકીકત જણાવીને કહ્યું કે 'જો હું તેની સામે ન જાઉં તો તે દેશને લૂંટશે. તેથી લોકોને પીડા થશે તેમજ ધર્મની નિંદા થશે, અને સામે જાઉં તો નિયમનો ભંગ થશે.'

રાજાના વચન સાંભળી ગુરુએ કહ્યું કે, 'તમે લગાર પણ ચિંતા કરશો નહિ, કારણ કે તમારો આરાધેલો ધર્મ જ તમને સહાય કરશે.' એ પ્રમાણે રાજાને આશ્વાસન આપી પદ્માસન કરીને બેઠેલા ગુરુ કાંઈક ધ્યાન કરવા લાગ્યા. એક મુહૂર્ત પછી આકાશ માર્ગે સૂતેલા મનુષ્ય સાથે એક પલંગ ગુરુ પાસે આવ્યો. આ પલંગ કોનો છે એવો પ્રશ્ન રાજાએ કર્યો ત્યારે ગુરુએ સત્ય જણાવ્યું. તેવામાં ઊંઘમાંથી એકદમ જાગેલો તે ગઝનીનો રાજા વિચારવા લાગ્યો કે, 'મારું સ્થાન ક્યાં ? સૈન્ય ક્યાં ? આ ધ્યાન કરનાર કોણ ? આ રાજા કોણ ?' વિચારમાં પડેલા તેને ગુરુએ કહ્યું કે, 'હે શકેશ ! (શક જાતિના લશ્કરનો અધિપતિ હોવાથી) શો વિચાર કરો છો ? પૃથ્વી ઉપર પોતાના ધર્મનું એક છત્રે રાજ્ય કરતા જે રાજાને દેવો પણ સહાય કરે છે તે ધર્માત્મા ગુર્જરેશ્વરના શરણને તમે અંગીકાર કરો.'

સૂરીશ્વરના ઉપરનાં વચનો સાંભળી નિઃસહાય તે ગઝનીપતિએ ભય, ચિંતા અને લજ્જાથી સૂરીશ્વરને પ્રણામ કરીને કુમારપાળને પ્રણામ કર્યા. પછી કહ્યું કે, 'રાજન ! મારો અપરાધ ક્ષમા કરો. હવેથી હું તમારી સાથે કાયમની સુલેહ સંધિ કરું છું. મારા જીવનનું રક્ષણ કરીને જગજીવપાલક (જગતના જીવોના પાળનાર) એવું તમારું બિરુદ સાચું કરો. પ્રથમ પણ તમારું પરાક્રમ મેં સાંભળ્યું હતું, છતાં હું તે ભૂલીને અહીં આવ્યો. હવેથી કદાપિ તમારી આજ્ઞા ઓળંગીશ નહિ. તમારું કલ્યાણ થાઓ. મને મારા સ્થાને પહોંચાડવા કૃપા કરો.'

તે વખતે કુમારપાળ ભૂપાળે કહ્યું કે, 'જો છ મહિના સુધી તમારા નગરમાં અમારી (અહિંસા) પળાવો તો તમને છૂટા કરવામાં આવશે. આ મારી આજ્ઞા અને ઈચ્છા પ્રાણીઓના રક્ષણ માટે છે. તેના પાલનથી તમારું પણ કલ્યાણ થશે.' ગઝનીપતિએ પણ તેમ કરવા કબુલ કર્યું.

પછી રાજા તેને પોતાના મહેલમાં લઈ ગયો. ત્યાં તેનો સત્કાર કરી જીવદયાની મહત્તા સમજાવી. પોતાના પુરુષો સાથે કુમારપાળે તેને તેના સ્થાને પહોંચાડ્યો, ત્યાં છ મહિના જીવરક્ષા પળાવીને રાજાના પુ ુરુષો પણ ગઝનીપતિએ આપેલા ઘણા ઘોડા વગેરે ભેટણા સાથે સ્વસ્થાને આવ્યા.

ટુંકાણમાં કહેવાનો સાર એ છે કે, વર્ષાઋતુમાં સર્વ દિશાઓમાં જવાના ત્યાગનો નિયમ કરવો. પરંતુ તે કરવાની અશક્તિ હોય તો જેટલી દિશાનો ત્યાગ બની શકે તેટલી દિશામાં જવાનો ત્યાગ કરવો.

વળી ચોમાસામાં સર્વ સચિત્તનો ત્યાગ કરવો. પરંતુ તેમ કરવાને અશક્ત હોય તેણે જે જે સચિત્ત વસ્તુ વિના નિર્વાહ શક્ય હોય તો તે સચિત્તનો ત્યાગ કરવો. વળી જે જે દેશમાં જે જે વસ્તુઓ મળતી જ ન હોય, તેમજ જે જે ઋતુમાં જે જે સચિત્ત વસ્તુ હોતી જ નથી, તેનો તો અવશ્ય ત્યાગ કરવો જ. કારણ કે તેટલે અંશે પાળેલી વિરતિ પણ મહાફ્લદાયી છે. જેમ એક વખત ખાય પરંતુ એકાશનનું પચ્ચક્ખાણ ન કરે તો તેને એકાશનનું ફ્લ મળતું નથી, તેમ જ જે વસ્તુ મળતી નથી અને તેથી વાપરતો નથી, પરંતુ નિયમ કર્યો ન હોય તો તેનું ફળ પણ મળતું નથી.

વિશેષમાં ચોમાસામાં અષ્ટ પ્રકારી પૂજા, દેવવંદન, સ્નાત્ર મહોત્સવ, ગુરુને વંદન, નવીન જ્ઞાનાભ્યાસ, બ્રહ્મચર્યનું પાલન, ઉકાળેલું પાણી પીવું તથા સચિત્તનો ત્યાગ કરવો, આટલાં વાનાં અવશ્ય કરવાં. આર્દ્રા નક્ષત્ર બેસે થકે રાયણ તથા કેરીનો ત્યાગ અવશ્ય કરવો. કારણ કે વૃષ્ટિ થવાથી રાયણમાં ઈયળ તથા કેરીના રસમાં તેના રસ સમાન વર્ણવાળા કીટકો ઉત્પન્ન થાય છે. વળી આ વર્ષા ચોમાસામાં બીજાં પણ પાપકારી કાર્યોનો ત્યાગ કરવો અથવા તેમ ન બને તો તેમાં સંક્ષેપ કરવો.

વિશેષમાં ફાગણ ચોમાસીથી ર્કા િતક ર્પૂ િણમા સુધી પાન, ભાજી વગેરે તથા કાચા તલનો પણ ત્યાગ કરવો. કારણ કે તેમાં ઘણા ત્રસજીવની વિરાધનાનો સંભવ છે. જોકે ત્રણે ચોમાસીઓ યથાયોગ્ય વિધિ વડે

આરાધવા યોગ્ય છે તો પણ તેમાં શરૂઆતમાં તિથિઓ જોવી. તિથિઓ ત્રણ પ્રકારે છે. તેમાં બે ચતુર્દશી, બે અષ્ટમી, અમાવસ્યા તથા પૂિ્ણમા એ છ ચારિત્ર તિથિઓ (ચારિત્રને આરાધવા યોગ્ય તિથિઓ) છે. બીજ, પંચમી અને એકાદશી એ જ્ઞાન તિથિઓ છે તેમાં જ્ઞાન-દર્શનની આરાધના કરવી.

ઉપરાંત છ આવશ્યક પ્રતિક્રમણ તથા પૌષધ વગેરે તેમજ બીજી પણ જે જે બની શકે તે ધર્મ ક્રિયાઓમાં વિશેષ ઉદ્યમ કરવા જેવો છે. માત્ર પ્રમાદ ખંખેરવાની જરૂર છે. પ્રમાદને કારણે આપણે ઘણું બધું ચૂકી જતાં હોઈએ છીએ. તેથી જાગો, ઉઠો અને સત્કાર્યમાં લાગી પડો.

શત્રુંજયની ઉત્તમતાનાં કારણો

અરિહંતો અને સાધુઓ વગેરે જંગમ તીર્થ છે. આબુ, ગિરનાર, સમ્મેતશિખર અને શત્રુંજય વગેરે સ્થાવર તીર્થ છે. સ્થાવર તીર્થના શાશ્વત અને અશાશ્વત એમ બે ભેદ છે. જે તીર્થનો સમય જતાં નાશ થાય છે તે અશાશ્વત કહેવાય. જેનો ક્યારે પણ નાશ ન થાય, સદા રહે, તે શાશ્વત કહેવાય. આબુ સમ્મેતશિખર વગેરે તીર્થો અશાશ્વત છે. શત્રુંજય વગેરે તીર્થ શાશ્વત છે. આ વિશ્વના ઊર્ધ્વલોક, તિર્ચ્છાલોક અને અધોલોક એમ ત્રણ વિભાગમાં શાશ્વતાં જિનમંદિરો છે. તે આ પ્રમાણે-ઊર્ધ્વલોકમાં બાર વૈમાનિક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવલોકમાં શાશ્વત જિનમંદિરો છે. તિર્ચ્છાલોકમાં શત્રુંજય, આઠમો નંદીશ્વરદ્વીપ, ૧૧મો કુંડલદ્વીપ, ૧૩મો રુચકદ્વીપ, મેરુપર્વત, વૈતાઢ્યપર્વત, જયોતિષ્ક દેવલોકનાં વિમાનો વગેરે અનેક સ્થળે શાશ્વત જિનમંદિરો છે. અધોલોકમાં ભવનપતિ દેવોનાં ભવનોમાં અને વ્યંતર દેવોના આવાસોમાં શાશ્વત જિનમંદિરો છે. આ સર્વ તીર્થોમાં શત્રુંજય ઉત્તમ તીર્થ છે. તેના કારણો આ પ્રમાણે છે.

સમ્મેતશિખર વગેરે અન્ય સર્વ તીર્થોથી જેટલા આત્માઓ મોક્ષને પામ્યા છે. તેનાથી શત્રુંજયતીર્થથી અધિક આત્માઓ મોક્ષને પામ્યા છે. શત્રુંજય તીર્થના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધ થયા છે. આથી જ શત્રુંજયનો મહિમા ગાતા એક કવિએ કહ્યું છે કે-

'કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે વાલા મારા, સાધુ અનંતા સિધ્યા રે, તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે ાા'

મનુષ્યલોકના શત્રુંજય સિવાયના સ્થાનમં એકી સાથે એક, બે કે ત્રણ વગેરે અલ્પ સંખ્યામાં જીવો મોક્ષે ગયા છે. જયારે શત્રુંજયમાં એકી સાથે ક્રોડોની સંખ્યામાં જીવો મોક્ષે ગયા છે તે આ પ્રમાણે -

પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

આદિનાથના તીર્થમાં

અજિતસેન મુનિ ૧૭ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

બાહુબલિનાપુત્ર સોમયશા ૧૩ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

દ્રાવિડ વારિખિલ્લજી ૧૦ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

શાંબ-પ્રદ્યુમ્ન ૮ાા ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

પુડરીક ગણધર ૫ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

ભરતમુનિ ૫ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

રામ-ભરત ૩ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

નમિ-વિનમિ ૨ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

શાંતિનાથ જિનના સાધુઓ ૧,૫૨,૫૫,૭૭૭ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

કદંબગણધર ૧ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

સારમુનિ ૧ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

સાગરમુનિ ૧ ક્રોડ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

નારદમુનિ ૯૧ લાખ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

આદિત્યયશા (ભ.ચ.ના પુત્ર) ૧ લાખ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

વસુદેવની સ્ત્રીઓ ૩૫ હજાર મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

દમિતારિમુનિ ૧૪ હજાર મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

અજિતજિનના સાધુઓ ૧૦ હજાર મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

શ્રી નંદિષેણસૂરિ ૭ હજાર મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

વૈદર્ભી ૪૪૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

બાહુબલિ ૧૦૦૮ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

થાવચ્ચાપુત્ર ૧૦૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

સંપ્રતિજિનના થાવચ્ચા ગણધર ૧૦૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

શુકપરિવાજક (શુકસૂરિ) ૧૦૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

કાલિકમુનિ  ૧૦૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

ભરતચક્રવર્તી ૧૦૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

સુભદ્રમુનિ ૭૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

શૈલકાચાર્ય ૫૦૦ મુનિઓની સાથે મોક્ષમાં ગયા છે.

શ્રી આદિનાથ પ્રભુ શ્રી શત્રુંજય ઉપર કેટલીવાર પધાર્યા ? તે કેવી રીતે ? સમજીએ

૮૪ લાખ વર્ષને ૮૪ લાખ વર્ષે ગુણતા જે સંખ્યા આવે તેને એક પૂર્વ કહેવામાં આવે છે.

૮૪૦૦૦૦૦ ૬ ૮૪૦૦૦૦૦ = ૭.૦૫.૬૦.૦૦.૦૦.૦૦.૦૦૦.

આટલી સંખ્યા એક પૂર્વમાં થાય. એટલે સિત્તેર લાખ ક્રોડ-છપ્પન હજાર ક્રોડ વર્ષ થાય. સંખ્યાની દૃષ્ટિએ આ એક પૂર્વનું પ્રમાણ થયું.

આવા ૯૯ પૂર્વવાર સ્પર્શના કરવા માટે શ્રી આદીશ્વર ભગવંત શ્રી શત્રુંજયગિરિ પર પધાર્યા. તે એક પૂર્વની સંખ્યાને ૯૯ વાર ગુણતાં નીચે પ્રમાણેની સંખ્યા આવે.

૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ ૬ ૯૯ = ૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦૦૦૦

આ સંખ્યાને શાસ્ત્રીય પરિભાષામાં બોલવી હોય તો આ રીતે બોલી શકાય. અગણોસિત્તેર કોડાકોડી પંચાશીલાખ ક્રોડ, અને ચુમ્માલીસ હજાર ક્રોડ થાય. આટલી સંખ્યાને નવ્વાણુ પૂર્વ કહેવાય.

* અત્યારની આપણી ભાષામાં બોલવું હોય તો ૬૯ લાખ ૮૫ હજાર ૪૪૦ અબજ એમ બોલી શકાય. આટલીવાર શ્રી આદીશ્વર ભગવાન ઘેટી પાગથી ફાગણ સુદ-૮ના દિવસે ગિરિરાજ ઉપર રાયણવૃક્ષની નીચે પધાર્યા હતા.

* તે સમયે જીવોનાં આયુષ્ય કેટલાં લાંબા હશે ? તે ખાસ સમજવા જેવું છે. શ્રી આદીશ્વર ભગવાન ઉપર પધારીને રાયણવૃક્ષની નીચે જ બેસીને ધર્મોપદેશ આપતા હતા.

શ્રી આદીશ્વર ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. તેમાંથી તેઓ ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થ અવસ્થામાં (સંસારમાં) રહ્યા અને પછી દીક્ષા લઈને એક લાખ પૂર્વ વર્ષમાં આ બધું થયું. શ્રી આદીશ્વર

ભગવંતે ગિરિરાજની પૂર્વ વર્ષમાં આ બધું થયું. શ્રી આદીશ્વર ભગવંતે ગિરિરાજની પૂર્વ નવ્વાણુવાર સ્પર્શના કરી, ત્યારે અહીં એમને યાત્રા કરવા માટે (સમવસરવા માટેનો) સમય છે એક લાખ પૂર્વ વર્ષ. એટલે ગિરિરાજ ઉપર પૂર્વ નવ્વાણુવારની ગણતરી બરોબર બંધ બેસી શકે છે.

* શ્રી આદીશ્વર ભગવંત પૂર્વ ૯૯ વાર (વખત) શ્રી શત્રુંજય સમવસર્યા હતા. તેને અનુસરીને આપણું આયુષ્ય ખૂબ જ ટૂંકું હોવાથી ફક્ત નવ્વાણુ (૯૯) જ યાત્રા કરીએ છીએ.

* શ્રી આદીશ્વર ભગવંત જે પૂર્વ નવ્વાણુવાર ગિરિરાજ ઉપર પધાર્યા હતા તે ઘેટીની પાગેથી પધાર્યા હતા, અત્યારે તો આપણે પાલિતાણા ગામ આ બાજુવસી ગયેલું હોવાથી આ બાજુથી જ ચઢીને નવ્વાણુ કરીએ છીએ. પણ આપણી મૂળ વાત ભૂલી ન જવાય તેથી તેની વિધિમાં લખ્યું છે કે, ‘નવ્વાણુ યાત્રામાં ઓછામાં ઓછી નવયાત્રા ઘેટીની પાગની કરવી જ.’ વધારે થાય તો ધન્ય ભાગ્ય. નહિતર છેવટે નવ તો કરવી જ.

તેનો અર્થ કેટલાક અણસમજુ ભાવિકોએ એવો કર્યો કે ‘ઘેટી પાગની યાત્રા નવથી વધારે ન થાય.’ પણ આ સમજણ એકદમ ખોટી અને ભૂલ ભરેલી છે. સમજવાનું એમ છે કે વધારે થાય તો સારું, નહિતર છેવટે તો નવ તો કરવી જ જોઈએ. કારણ કે શ્રી આદીશ્વર ભગવાનની મૂળ સ્પર્શના તો ત્યાંથી જ હતી. તે વાત ભૂલાવી ન જોઈએ.

તે કાળે શ્રી શત્રુંજયમાં ૨૦ ક્રોડ મુનિઓનો ખરેખર સમાવેશ થયો હશે ?

૧. ગિરિરાજ ૫૦ યોજન લાંબો અને ૫૦ યોજન પહોળો હોવાથી તેનું કુલ ક્ષેત્રફળ-૨૫૦૦, યોજન થાય છે.

૨. હવે એક યોજનમાં ગણતરી કરતા કુલ ૨૫૬૦૦૦૦૦૦, (૨૫ ક્રોડને ૬૦ લાખ) માણસો સમાઈ શકે.

૩. આથી ૨૫૦૦ યોજનની અંદર કુલ ૬૪-હજાર ક્રોડ માણસો સમાઈ શકે છે.

૪. તેથી ૨૦ ક્રોડ મુનિઓને સમાવવામાં વાંધો નથી. કારણ કે આટલા મુનિઓ તો ફક્ત બે જ યોજનથી પણ ઓછી જગ્યામાં સમાઈ શકે છે.

૫. ત્યારે ૨૦ ક્રોડ મુનિઓ સમાવ્યા પછી આપણી પાસે ૨૪૯૮ યોજન જમીન ખાલી જ રહે છે.

૬. હવે એક યોજનમાં ઉપર કહ્યું તેમ ૨૫ ક્રોડને ૬૦ લાખ માણસો સમાઈ શકે તેનું ગણિત આ રીતે છે.

૭. ગણતરી શરૂ કરીએ. એક યોજનના ચાર ગાઉ થાય અને એક ગાઉના ૨૦૦૦ ધનુષ્ય થાય. એટલે કે ૨૦૦૦ ધનુષ્યને ૪ ગાઉથી ગુણતા ૮૦૦૦, ધનુષ્ય એક યોજનના થાય.

૮. સામાન્ય રીતે મનુષ્ય એક ધનુષ્ય (૪ હાથ) પ્રમાણની કાયાવાલો હોય. એટલે એક યોજનની એક ધનુષ્યની લાઈનમાં ૮૦૦૦ માણસો સહેલાઈથી સૂઈ શકે.

૯. મનુષ્ય લંબાઈમાં હોય તેના કરતાં પહોળાઈમાં ચોથો ભાગ હોય. એટલે લંબાઈમાં જેટલા માણસો સૂઈ શકે તેના કરતાં પહોળાઈમાં ચારગણા વધારે સૂઈ હકે છે.

૮૦૦૦ ૪ ૪ = ૩૨૦૦૦ એક યોજનના એક ધનુષ્યની લાંબી અને પહોળી લાઈનમાં હિસાબ કાઢવા માટે ૩૨૦૦૦ને ૮૦૦૦ વડે ગુણવા પડશે ને પછી જે જવાબ આવશે તેટલા (સૂતા) માણસો એક યોજનમાં સમાઈ શકે છે. ૩૨૦૦૦ ૪ ૮૦૦૦ = ૨૫૬૦૦૦૦૦૦

૧૦. ૨૫-ક્રોડને ૬૦ લાખ માણસો એક યોજનની ભૂમિમાં ઉપરના ગણિત પ્રમાણે સમાઈ શકે છે. હવે ગિરિરાજનું કુલ ક્ષેત્રફળ-૨૫૦૦ યોજન હોવાથી ૨૫૬૦૦૦૦૦૦ સંખ્યાને ૨૫૦૦ સંખ્યાથી ગુણતાં ૬૪૦૦૦૦૦૦૦૦૦, ચોસઠ હજાર ક્રોડ માણસો ૫૦ યોજનમાં સમાઈ શકે છે. તેનું આ ગણિત બતાવ્યું.

૧૧. ગિરિરાજમાં ૨૦ ક્રોડ મુનિઓ કેવી રીતે સમાયા ? તેની ગણતરી કરતી વખતે તે વખતના શ્રી શત્રુંજયનું ક્ષેત્રફળ મનમાં નક્કી કરવું અને પછી ઝાડપાનવાળી જગ્યા, લોકોની અવરજવરની જગ્યા,

ખાડા-ટેકરાવાળી ભૂમિ, દેરાસરો ને દેરીઓની જગ્યા, પગથિયાંની જગ્યા વગેરે છોડી દેતા પણ આટલા મુનિઓ સમાવવામાં જરા પણ વાંધો નથી. ગણતરી કર્યા વગર કોઈ પણ વસ્તુ યથાસ્થિત ન સમજાય.

૧૨. આપણે આપણી ટૂંકી દૃષ્ટિએ ગિરિરાજની મૂળ ટેકરીને જ શ્રી શત્રુંજય માનીને ગણતરી બેસાડીએ છીએ. પણ તે બરોબર નથી. કારણ કે આ ગિરિરાજની એક સમયે ૧૦૮ ટેકરીઓ હતી. અત્યારે વર્તમાન સમયમાં પણ તળાજા, શિહોર, કદંબગિરિ, હસ્તગિરિ વગેરે ટેકરીઓ પણ શ્રી શત્રુંજયના ભાગરૂપે જ ગણાય છે. તે રીતે જો ઉપરની ગણતરી કરવા બેસીએ તો જરા પણ શંકાને સ્થાન મળતું નથી.

અરે જરાક આગળ વધીને કહીએ તો શ્રી ગિરનારને પણ શ્રી શત્રુંજયની પાંચમી ટૂંક કહી છે. એટલે કે એક સમયે ગિરિરાજનું પ્રમાણ ખૂબ જ વિસ્તારવાળું હતું.